અંધ અને બધિર તથા અસ્થિ વિષયક
ખામી ધરાવતા અપંગ વિદ્યાર્થીઓને
શિષ્યવૃતિ આપવા માટે ના નિયમો.

ગુજરાત સરકાર,
શિક્ષણ અને મજુર ખાતું,
ઠરાવ નં-. ઈ.ડી.ડી.૧૨૬૪-૪૭૬૩૨-છ,
સચિવાલય, અમદાવાદ.
તા. ૯મી જુલાઈ, ૧૯૬૫.

વંચાણમાં લીધા:-

નિયામકશ્રી સમાજ કલ્યાણ, ગુજરાત રાજય. અમદાવાદ નો તા. ૧૩-૭-૬૪ ની પત્ર નંબર સીઓપીએચ-પરર.

ઠરાવ :

આ સાથે જોડેલા : ૧ : અંધ : ૨ : બધિર અને : ૩ : અસ્થિ **વિષયક** ખામી ધરાવતા અપંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવા માટે ના નવા નિયમોને આથી બહાલી આપવામાં આવે છે.

૨. આ અંગ થનારું ખર્ચ અંદાજપત્રના સદર " ૩૯-પરચુરણ સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો - પંચવર્ષિય યોજનાઓ-ડી-સામાજિક અને નૈતિક આરોગ્ય અને પશ્ચાત સંભાળ સેવાઓ -ડી-૪ અપંગો માટેની કલાયણ યોજના " હેઠળ ઉધારવું અને તેની નીચે કારવામાં આવેલ જોગવા માંથી મેળવવું.

૩. આ ઠરાવ શિક્ષણ અને મજુર ખાતાની ફાઈલ નં- ઈ. ડી. ડી.-૧૨૬૪-૪૭૬૩૨-છ પરની નાણાકીય સલાહકારની તા. ૨૭-૪-૧૯૬૫ની સહમતી ની બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પા. જ. દેસાઈ,
ઉપ સચિવ
શિક્ષણ અને મજુર ખાતુ,

પ્રતિ
નિયામકશ્રી
સમાજ કલ્યાણ ખાતું
ગુજરાત રાજય, અમદાવાદ.

૨

## નિયમો :- અપંગો માટેની શિષ્યવૃતિઓ

પ્રાથમિક અને માધ્યમિક શાળા ઓ કોલેજો અને માનય ટેકનિકલ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં અંધ અને બધિર તથા અસ્થિ વિષયક ખામી ધરાવતા વિધાર્થીઓને શિષ્યવૃતિઓ આપવા માટેના નિયમો.

૧. અવકાશ:-

: ક : આ નિયમો સમગ્ર ગુજરાત રાજય ને લાગુ પડશે.

: ખ : શિષ્યવૃતિઓ હેતુ માટે '' અપંગ '' શબ્દમાં '' અંધ '' '' બધિર '' અને અસ્થ વિષયક ખામી ધરાવતા '' નો સમાવેશ થશે.

: ૨ : હેતું :-

અપંગ વ્યકિતઓ જીવન નિર્વાહ પુરતું કમાઈ શકે અને તેઓ પણ સમાજ ના ઉપયોગી સભ્યો થઈને રહી શકે એ માટે તેમને શિક્ષણ, ટેકનિકલ અને ધંધાદારી તાલીમ મેળવવામાં મદદ કરવાનો આ શિષ્યવૃતિઓ આપવા પાછળનો મુખ્યહેતું છે.

: ૩ : વ્યાખ્યા :-

'' અંધ '' એટલે નીચેનાથી પીડાતી વ્યકિત ઓ :-

: ક : દષ્ટિની સંદતર અભાવ

: ખ : કરેકિંટગ લેન્સથી સારી આંખમાં ૩-૬૦ અથવા ૧૦-૨૦૦ : સ્નેલન : થી વધુ નહીં એટલી દષ્ટિની પ્રાપ્તિ : વિઝયુઅલ એકવીટી :

'' બધિર'' એટલે સામાન્ય વ્યવહારમાં જેની શ્રવણશકિત કામ ન કરતી હોય તેવી વ્યકિતઓ '' અસ્થિ વિષયક ખામી ધરાવતા એટલે જે વ્યકિતઓ શારીરિક કાયમી કે ખોડ ભોગવતી હોય તેવવ અથવા તો જેમણે કોઈપણ અવયવ અંશતઃ કે સંદતર ગુમાવ્યું હોય અને જેને લીધે તેને હાડકાં, સ્નાયું અને સાંધા ની કામગીરીમાં હરકત પડતી હોય તેવી વ્યકિતઓ.

: ૪ : નિયમોનું પ્રવર્તનક્ષેત્ર :-

: ક : આ નિયમો ઉપર આપેલી વ્યાખ્યાઓ મુજબની અપગં વ્યકિતઓને જે લાગુ પડે અને બીજાને કોઈને લાગુ પડશે નહીં.

: ખ : આ નિયમો હેઠળ અપતી બધી શિષ્યવૃતિ નાંણાની સગવડ ને આધીન છે. શિષ્યવૃતિ આપવામાં યોગ્યતા-સહ-જરૂરી-ચાતલક્ષમાં લેવાશે.

: ગ : સરકારર શાળાઓમાં અથવા જેને સરકાર માથાદીઠ ગ્રાન્ટ આપે એવી અપંગો માંટેની સહાયક ગ્રાન્ટ મેળવતી નિવાસી શાળાઓમાં રહેતા વિધાર્થીઓને આ નિયમો અન્વરે શિષ્યવૃતિ મળશે નહિ.

: ૫ :

: ૧ : આ નિયમો હેઠળ શિષ્યવૃતિઓ માટે અરજી કરતાં ઉમેદવારો ગુજરાત રાજયના રહેવાશી હોવા જોઈએ અને સામાન્ય રીતે ગુજરાત રાજયના શિક્ષણ લેતા હોવા જોઈઈ. જેના માટે સામાન્ય રીતે ગુજરાત રાજયમાં સગવડ ન હોય તેવી ખાસ તાલીમ કે હુજરના અભ્યાસક્રમ માટે સમાજ કલ્યાણ નિયામક અપવાદ ગણીને રાજય બહાર શિક્ષણ કે તાલીમ મેળવવાની છુટ આપી શકશે. આ રીતે મેળવાતુ શિક્ષણ કે તાલીમ ગુજરાત રાજયમાં સરળતાથી મળી શકે એમ નથી. એવી ખાતરી થશે તો જ સમાજ કલ્યાણ નિયામક એ પ્રકારની પરવાનગી આપશે.

: ૨ : અરજદાર કોઈ પણ માન્ય શાળા, કોલેજ કે ટેકનિકલ સંસ્થામાં પૂરા સમય માટે શિક્ષણ મેળવતા નિયમતી વિધાર્થી તરીકે જોડાયેલો હોવો જોઈએ. ઉપર્યુકત સંસ્થાને સમાજ કલ્યાણ નિયમનો શિક્ષણ નિયામક

કે ટેકનિકલ શિક્ષણના નિયામક ના નવા બીજા કોઈ સત્તા ધરાવતા અધિકારીએ માન્યતા આપેલી હોવી જોઈએ.

: ૩ : આ નિયમો હેટળ આવી જતા અરજદારની વય પ્રાથમિક અને માધ્યમિક શાળા ના શિક્ષણ માટે અને ટેકનિકલ અને કોલેજ શિક્ષણ માટે ૩૦ વર્ષ થી વધુ હોવી ના જોઈએ.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ફિઝિકલ મોડિસીન એન્ડ ફિઝિયોથિરાયપી, મુંબઈ કે યુનિવર્સિટી સ્કુલ ઓફ મ્યુઝિક વગેરે જેવી સંસ્થામાં ખાસ તાલીમનો અભ્યાસક્રમ જેમને લીધો હોય તેવા માટે અમદાવાદ ખાતેના ગુજરાત રાજયના સમાજ કલ્યાણ નિયામક વય-મર્યાદામાં છુટછાટ મૂકીને તે ૩૦ વર્ષ સુધીની કરી શકશે.

: ૪ : અરજદારના માતા-પિતા કે વાલીઓની આવક દર વર્ષે રૂ. ૩૬૦૦ થી વધુ ન હોવી જોઈએ.

: ૫ : કોઈ પણ સરકાર કે જાહેર કે રાખવાથી અથવા બીજા સાધનો માંથી કોઈ શિષ્યવૃતિ કે રકમ કે વૃતિકા મળવતો વિદ્યાર્થીને આ નિયમો હેઠળ નો કોઈપણ શિષ્યવૃતિ માટે પાત્ર ગણવામાં આવશે નહી. અરજદારે નિયત ફોર્મ પરિશિષ્ટ : ૯ : માં રાજ્ય કે કેન્દ્ર સરકાર ના રાજયપત્રિ અધિકારીએ અથવા સંસદ સભ્ય કે ધારાસભ્યે અથવા ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટે યોગ્ય રીતે પ્રમાણપત્ર કરેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

: ૬ : આ યોજના હેઠળ કોઈ પણ શિષ્યવૃતિ ભારત બહાર અભ્યાસ કરવા માટે આપવામાં આવશે નહી.

: ૬ : મુદત :-

એક વખત આપવામાં આવેલ શિષ્યવૃતિ, તે જે અભ્યાસક્રમ માટે આપવામાં આવી હોય તે અભ્યાસક્રમાં શિષ્યવૃતિ મેળવનાર પૂરો કરે ત્યાં સુધી ચાલુ રહે છે. આ અભ્યાસક્રમ ચાલુ હોય તે દરમિયાન શિષ્યવૃતિ મેળનાર નાપાસ થાય તો શિષ્યવૃતિ બધ કરવામાં આવેશે. આમ છતાં શિષ્યવૃતિ તાજી કરી શકાશે. પરંતુ તાલીમના કોઈપણ અભ્યાસક્રમ દરમિયાન તે બે વાર નાપાસ થશે તો શિષ્યવૃતિ સંદતર બંધ કરવામાં આવશે.

આમ છતાં સમાજ કલ્યાણ નિયામક ને એમ લાગે કે સ્કોરની નિષ્ફળતા કે તેની અસંતોષકારક પ્રગતિ તેના કાબૂ બહારના સંજોગો ને લઈને થવા પામી હતી તો પોતાના વિવેકાનુસાર તેનો યોગ્ય લાગે તેવી મુદત માટે શિષ્યવૃતિ તાજી કરી આપી શકેશે.

આવી રીતે શિષ્યવૃતિ તાજી કરી આપવાની આવી મંજુરી સામાન્ય રીતે સ્કોલર જે શાળા સંસ્થામાં અભ્યાસ કરતા હોય તેના વડાની સલાહ અનુસાર આપવામાં આવશે.

: ૭ : શિષ્યવૃતિઓની રકમ નીચે મુજબ ની રહેશે અને શિષ્યવૃતિઓની સંખ્યા જેટલા પ્રમાણ માં નાંણાની સગવડ હશે તે પ્રમાણે નક્કી કરવામાં આવે.

: ૧ : અંધ

| અભ્યાસ ક્રમનો પ્રકાર | તબક્કો. | શિષ્યવૃતિના દર. |
|---|---|---|
| શૈક્ષણિક અભ્યાસક્રમ | ૭ મા ધોરણ સુધીના પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓ માટે. | માસિક રૂા. ૩૦ |
| | માધ્યમિક શાળા ના વિદ્યાર્થી ઓ માટે. | |
| | એસ.એસ.સી પછીના શિક્ષણ માટે. અથવા દેખતી હોય | માસિક રૂા. ૩૫ |
| | એવી અને એસ. એસ. સી પછીનું શિક્ષણ લેતી હોય તેવી વ્યક્તિઓને જે જેમાં પ્રવેશ આપવામાં આવતો હોય તેવા ઘણા ઉચ્ચં પ્રકાર ના અને ખાસ શિક્ષણ માટે. | માસિક રૂા. ૬૦ |
| ટેકનિકલ અભ્યાસક્રમ | સંગીત અને વીજ-માલિક ઉપચાર ના અભ્યાસક્રમો અથવા વ્યવસાય વિષક અભ્યાસક્રમો | મા. રૂા. ૩૦ |
| | ૧૬ વીંથી નીચેના વિદ્યાર્થી અને માટે. | માસિક રૂા. ૩૫ |

| | | |
|---|---|---|
| | ૧૬ થી ૨૧ ની વયનો વિદ્યાર્થીઓ માટે. | |
| | ૨૧ વર્ષથી ઉપરના અને ૪૦ વર્ષની નીચેના તથા એસ. એસ. સી. બાદ ઈજનેરી, સંગીત અથવા ટેકનોલોજીનો અથવા એવા બીજા ખાસ અભ્યાસક્રમ લેનાર વિદ્યાર્થીઓ માટે. | માસિક રૂા. ૫૦ |
| ૨. બહેરા:- શૈક્ષિણક અભ્યાસક્રમ | ૭ મા ધોરણ સુધીના પ્રાથમિક શાળા ના વિર્ઘાથીઓ માટે. | માસિક રૂા. ૨૫ |
| | માધ્યમિક શાળા ના વિદ્યાર્થીઓ માટે. | |
| | એસ.એસ.સી. પછીના શિક્ષણ માટે અથવા એસ. એસ. સી. પછી. | માસિક રૂા. ૩૦ |
| | એસ. એસ. સી. પછીના શિક્ષણ માટે અથવા એસ. એસ. સી. પછી | માસિક રૂા. ૫૫ |
| | સામાન્ય વ્યકિતઓને જેમા પ્રવેશ મળી શકતો હોય તેવા ઘણા ઉચ્ચ પ્રકારના અને ખાસ શિક્ષણ માટે. | |
| ટેકનિકલ અભ્યાસક્રમ | ૧૬ વર્ષથી નીચેના વિદ્યાર્થી ઓ માટે. | માસિક રૂા. ૨૫ |
| | ૧૬ થી ૨૧ વર્ષના વિર્ઘાથીઓ માટે. | માસિક રૂા. ૩૫ |
| | ૨૧ વર્ષથી ઉપરના અને ૪૦ વર્ષની નીચેના તથા એસ. એસ. સી. બાદ અજનેરી, અથવા ટેકનોલોજી ના અથવા એવા બીજા ખાસ અભ્યાસક્રમો ડીપ્લોમાં અભ્યાસ લેનાર વિદ્યાથીઓ માટે. | માસિક રૂા. ૪૫ |
| | ૩ અસ્થિ વિષયકત ખામી ધરાવતા. | |
| શૈક્ષણિક અભ્યાસક્રમ | ૭ મા ધોરણ સુધીના પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓ માટે. | માસિક રૂા. ૩૦ |
| | માધ્યમિક શાળા ના વિદ્યાર્થીઓ માટે. | માસિક રૂા. ૩૦ |
| | એસ. એસ. સી. પછીના શિક્ષણ માટે અથવા એસ. એસ. સી. પછી સામાન્ય વ્યકિતઓને જેમાં પ્રવેશ મળી શકતો પ્રકારના અજે ખાસ શિક્ષણ માટે. | માસિક રૂા. ૬૦ |
| ટેકનિકલ અભ્યાસક્રમ | ૧૬ વર્ષ ની નીચેના વિદ્યાર્થીઓ માટે. | માસિક રૂા. ૩૦ |
| | ૧૬ થી ૨૧ ના વયના વિદ્યાર્થીઓ માટે. | માસિક રૂા. ૩૫ |
| | ૨૧ વર્ષની ઉપરના અને ૪૦ વર્ષની નીચેનાં તથા એસ. એસ. સી. બાદ ઈજનેરી સંગીત અથવા એવો બીજો ખાસ અભ્યાસ નો ડીપ્લોમાં અભ્યાસક્રમ લેનાર વિદ્યાર્થીઓ માટે. | માસિક રૂા. ૫૦ |

આ શિષ્યવૃત્તિઓ શૈક્ષણિક વર્ષની ૧૦ મહિનાની મુદત માટે ચુકવવા પાત્ર રહેશે.

: ૮ : અરજી કરવાની રીત, વગેરે,

: ક : પોતે જે શાળા, અથવા સંસ્થામાં અભ્યાસ કરતા હોય તેના વડા મારફત વિદ્યાથીઓએ સમાજ કલ્યાણ નિયામક, ગુજરાત રાજય, અમદાવાદને યોગ્ય નિયત ફોર્મ માં : પરિષ્ટિ ૨ અથવા ૩ અથવા ૪ : અરજી કરવી.

: ખ : ફોર્મની નકલો સમાજ કલ્યાણ નિયામક ની કચેરી, ગુજરાત રાજય, અમદાવાદ પાસેથી મેળવવી, શિષ્યવૃતિ માટે ની અરજી નિયત તારીખ પછી મળી હશે તો તેને ધ્યાન માં લેવાશે નહી.

: ૯ : અરજી સાથે મોકલવાના દસ્તાવેજો.

દરેક અરજી સાથે નીચેના દસ્તાવેજો મોકલવા જોઈએ.

: ક : તબીબી પ્રમાણપત્ર : -

નિયમોમાં આપવામાં આવેલા વ્યાખ્યા મુજબ અરજદાર અપંગ છે. એ મુજબ નું રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકિટસનર પાસે થી મેળવેલ તબીબી પ્રમાણપત્ર

: ખ : આવક અંગેનું પ્રમાણપત્ર :

રાજય અથવા કેન્દ્ર સરકારના રાજયપતિ અધિકારી અથવા મામલતદારથી ઉતરતી કક્ષાના નહીં એવા કોઈપણ મહેસુલી અધિકારી અથવા સમકક્ષ મોભો ધરાવતા બીજા કોઈપણ અધિકારીનું અરજદારના બેનો મા-બાપ વાલીની માસિક આવક દર્શાવતું પ્રમાણપત્ર : નમુનાના ફોર્મ માટે જુઓ પરિશિષ્ટ ૯ :

: ગ : ઉંમરનો પુરાવો : -

ઉંમરના પુરાવા તરીકે નીચેનામાંથી કોઈપણ પુરાવો સ્વીકાર્ય રહેશે.

: ક : : ૧ : છેલ્લે જે શૈક્ષણિક અથવા ટેકનિકલ શિક્ષણ સંસ્થામાં હોય તેના વડાનું પ્રમાણપત્ર અથવા

: ૨ : કેન્દ્ર અથવા રાજય સરકાર ના રાજયપત્તિ અધિકારીનું પ્રમાણપત્ર અથવા

: ૩ : રાજય અથવા કેન્દ્ર વિધાન મંડળના સભ્યનું પ્રમાણપત્ર અથવા

: ૪ : પ્રથમ વર્ગના મેજેસ્ટ્રેટ પ્રમાણિત કરેલું સોગંદનામું અથવા

: ૫ : સુધરાઈ દ્વારા રાખવામાં આવતાં હોય તેવા જન્મ પત્રક નો તે સંસ્થાના અધિકારીએ પ્રમાણિત કર્યા હોય તેવા ઉતારા.

: ૬ : રાજયપત્રિત અધિકારી અથવા છેલ્લે જે સંસ્થામાં અભ્યાસ કર્યો હોય તેવા વડાએ યોગ્ય રીતે સાબિત કરેલ હોય તેવી છેલ્લી પાસ કરેલ પરીક્ષાના પરિણામની ગુણપત્રક સહિતની નકલો.

:૧૦: શિષ્યવૃતિ આપવા બાબત.

: ૧ : શિષ્યવૃતિ આપતાં પહેલાં સમાજ કલ્યાણ નિયામક વિદ્યાર્થીઓની ઉંમર ચારિત્ર્ય યોગ્યતા અને મા-બાપ અથવા વાલીના આર્થિક સંજોગો ધ્યાનમાં લેશે.

: ૨ : શિષ્યવૃતિઓ બે હપ્તે ચુકવવામાં આવશે. પહેલો જ હપ્તો પહેલ સહ દરમિયાન આપવામાં આવશે. જયારે બીજો હપ્તો બીજુ સત્ર શરૂ થયા બાદ અપાશે. શિષ્યવૃતિની ની રકમ સંબંધિત શાળા અથવા સંસ્થાના વડાને હસ્તક પકવામાં આવશે અને સંબંધિત સ્કોલર ને ચૂકવણી કરવા અંગે તેને અધિકૃત કરવામાં આવશે.

સંબંધિત સ્કોલર ને શિષ્યવૃત્તિ ચુકવવાની ફરજ, શાળા કોલેજ અથવા સંસ્થાની વડાની રહેશે. સ્કોલરને રકમ ચુકયાનું સાબિત રૂપે શાળા, કોલેજ અથવા સંસ્થાના વડાએ સ્કોલર પાસે થી લગાડેલી પહોંચ : બે નકલોમાં મેળવવાની રહેશે. અને સ્કોલર ને શિષ્યવૃતિની રકમ ચુકવ્યા બાદ દસ દિવસ થી અંદર તેણે સમાજ કલ્યાણ નિયામક, ગુજરાત રાજય, અમદાવાદ ને પહોંચની એક નકલ : પરિશિષ્ટ ૧૩ : મોકલી આપવાની રહેશે.

સ્કોલરો અભ્યાસ કરી રહેલ હોય તે શાળા, કોલેજ અથવા સંસ્થાના વડા શિષ્યવૃતિનું તૈયાર કરશે અને સમાજ કલ્યાણ નિયામક, ગુજરાત રાજય અમદાવાદ તે બિલ પાસ કરશે.

: ૧૧ : માંદગી સબબ રજા :-

: ક : ત્રણ માસથી વધુ ન હોય તેટલા ગાળા માટે ની સતત ગેરહાજરી માટે જો રજાની અરજી રજીસ્ટર્ડ મેડીકલ પ્રકટિશનર નું પ્રમાણપત્ર જોડવામાં આવ્યું હોય તો તેટલી મુદ્દત માટે શિષ્યાવૃત્તિની પુરેપુરી રકમ ચુકવવામાં આવશે.

: ખ : ત્રણ મહિના કરતાં વધુ મુદતની રજા માટે શિષ્યવૃત્તિની કશી રકમ ચુકવાશે નહી.

: ૧૨ : પ્રગતિ અહેવાલો :-

: ક : પોતાના તાબાના પ્રત્યેક સ્કોલર ની હાજરી વર્તણૂક અને ચારિત્રય અંગે સંસ્થાના વડા, સમાજ કલ્યાણ નિયામક, ગુજરાત રાજય, અમદાવાદ ને પરિશિષ્ટ - ૮ માં આપેલ નમૂનામાં સત્તા પ્રગતિ અહેવાલ મોકલી આપશે.

: ખ : જો સ્કોલરની પ્રગતિ સંતોષકારક ન જણાય તો, અધ્યેતા સુધરશે નહી. તો તેની શિષ્યવૃત્તિ બંધ થવાનો સંભવ છે. એ મતલબની માસિક ચેતવણી આપવાની જવાબદારી સ્કોલર જયાં અભ્યાસ કરતાં હોય તે શાળા, કોલેજ અથવા સંસ્થાના વડાની રહેશે. આવી ચેતવણી આપ્યા છતાં જો સ્કોલરની પ્રગતિ, હાજરી, વર્તણૂક અને ચારિત્ર્ય સંતોષકારક ન જણાય તો સમાજ કલ્યાણ નિયામક કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા વગર શિષ્યવૃત્તિ બંધ કરી શકશે.

: ૧૩ : અભ્યાસક્રમ અથવા સંસ્થા બદલવા બાબત.

: ક : સમાજ કલ્યાણ નિયામકની પુર્વ-મંજુરી સિવાય કોઈપુણ સ્કોલર સંસ્થા અથવા મંજુર થયેલો અભ્યાસક્રમ બદલી શકશે નહી. અત્યંત અપવાદ રૂપ સંજોગોમાં અને સ્કોલર જયાં અભ્યાસ કરી રહેલ હોય તે શાળા, કોલેજ અથવા સંસ્થાના વડાની ભલામણથી જ આવો ફેરફાર કરવા અંગેની વિનંતી ને ધ્યાનમાં લઈ શકાય.

: ખ : જે વર્ષ માટે શિષ્યવૃતિ આપવામાં આવી હોય તે વર્ષના અભ્યાસક્રમ દરમિયાન વ્યાજબી કારણ વગર કોઈ સ્કોલર પોતાના અભ્યાસ છોડી દેશે તો સમાજ કલ્યાણ નિયામક, ગુજરાત રાજય, અમદાવાદના વિવેકાનુસાર શિષ્યવૃત્તિના નાણા તેણે કરવાનાં રહેશે.

: ૧૪ : અનુવર્તી અહેવાલો :-

તેનો મંજુર રખાયેલ અભ્યાસક્રમ પૂરો થયે દરેક સ્કોલરે સમાજ કલ્યાણ નિયામક, ગુજરાત રાજય, અમદાવાદને બે વર્ષની મુદત માટે તે પૂરૂ થઈ રહે તેવો રોજગાર મેળવી શકેલ છે કેમ તે અંગે કામ મેળવવામાં તેને અનુભવવી પડેલ મુશ્કેલીઓ અંગે અને તેણે જે કામ મેળવ્યું તેનો પ્રકાર જણાવતા છ માસિકે અહેવાલ મોકલી આપવાના રહેશે. અહેવાલના નમૂના ના ફોર્મ માટે પરિશિષ્ટ ૧૦ જુઓ.

: ૧૫ : સામાન્ય : -

: ૧ : જયાં સુધી શિષ્યવૃત્તિ મળતી હોય ત્યાં સુધી કોઈપણ સ્કોલર કોઈ રકમ આવીને કોઈ અંશકાલિક કામ કે કે વ્યવસાય કરવાની છુટ રાકે નહીં. આ નિયમોના ભંગ થશે તેને શિષ્યવૃત્તિ આપવાનું તાત્કાલીક બંધ કરવામાં આવશે.

: ૨ : સ્કોલર તરફ થી કોઈપણ પ્રકાર ની છેતરપીંડી અથવા ગેર વર્તણૂક અથવા કામ પરત્વે બેદરકારી થઈ હોવાનું માલુમ પડે ત્યારે કોઇ પણ સમયે શિષ્યવૃતિ બંધ કરવાની સમાજ કલ્યાણ નિયામક, ગુજરાત રાજય, અમદાવાદને છુટ રહેશે. આ રીતે શિષ્યવૃત્તિ બંધ કરવામાં આવી હોય ત્યારે સ્કોલર સરકારને અપીલ કરી શકે છે.

: ૩ : આ નિયમોમાં કશી જ નોટીસ આપ્યા સિવાય સુધારા-વધારા કરવાનો હક્ક ગુજરાત સરકારને અબાધીત રહે છે.